R.N.I.No. : 11555/1966

Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

JUNE - 2018

Total - 32 Pages

Vol No. 62 Issue No.3

## સ્નેહમિલન

ધન્ય જીવનની અનુભૂતિનો સાક્ષાત્કાર મૈત્રી ભાવથી શરૂ થાય છે. ત્યારે અસ્તિત્વમાં આવે છે – 'સ્નેહ મિલન' ખુશી અને આનંદ તો તમે ઈચ્છો ત્યારે તમારા મન પ્રદેશમાંથી પ્રગટી શકે છે. પરંતુ જ્યારે એ સમૂહમાં વિસ્તરીત થાય છે ત્યારે સ્નેહ મિલનનું ઔચિત્ય બેડવાઈ જાય છે. 'સ' શબ્દોથી શરૂ થતા આ પાંચ શબ્દોનું ઝુમખુ 'સ્નેહ', 'સન્માન', 'સહકાર', 'સ્પર્શ' અને 'સમય' સ્નેહ મિલનને ઉંચુ ગૌરવ અર્પે છે.

સ્નેહ મિલન દ્વારા અન્યોના મનમાં પડેલ ગાંઠના સરવાળા ન કરતા મધુર સબંધોનો ગુણાકાર કરવાનો સંદેશો આપે છે. સેવા-સ્મરણ અને સત્કાર્યો દ્વારા સ્નેહમિલનને વધુ સમૃધ્ધ કરી આજના આ મિલનને શુધ્ધ સંકલ્પો દ્વારા પરિભાષિત કરીયે...

આજના મોબાઈલ યુગમાં 'ઓલવેઝ કનેકટેડ' મુજબ
આપણે સર્વે આ સ્નેહમિલન દ્વારા સદા અન્યો સાથે
'કનેકટેડ' રહીએ એજ પ્રભુને પ્રાર્થના...

સંકલન

# SHREE BALASINOR NAVYUVAK SANGH

## NOTICE OF 68th ANNUAL GENERAL MEETING

Date : 21/4/2018

To,
All Members,

Notice is here by given that 68th Annual General Meeting of Shree Balasinor Navyuvak Sangh will be held under the presidentship of Shri Saumil Jitendra Mody on Sunday 24th June, 2018 at 5.00 P.M at Shri Mohanlal Sankerlal Shah (Zat) Sabhagruh BNS Office to transact following Business on the agenda.

# AGENDA FOR THE MEETING

1. **To read, confirm and approve the minutes of the 67th Annual General Meeting held on 28th May 2017.**
2. **To receive, consider and adopt the managing committee report for the year 2017-2018.**
3. **To receive, consider and adopt the audited Accounts of the Sangh for the year ended 31st March 2018..**
4. **To appoint the Auditor for the year 2018 - 2019 and fix his remuneration.**
5. **To distribute the education prizes under the scheme named Smt Shantaben Shantilal Shah (Choksi) Annual Educational Prize Distribution Scheme.**
6. **To Distribute the prizes of Shree Balasinor Navyuvak Sangh & Shri Daxeshbhai / Shri Minishbhai Kadakia Indoor Sports Activity.**
7. **Any other matter from the desk of President.**
8. **President Address.**

**NOTES**

1) If the meeting is adjourned for want of Quorum the same will be held on the same day at the same place after half an hour of the appointed time and the adjourned meeting will transact the business on the agenda, irrespective of whether there is Quorum or not.
2) All Members are requested to be present for the meeting on time.

**Hon Secretary- Bhavesh Bipin Modi (Thasrawala)**

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
| --- | --- | --- |
| ૬૨ | ૩ | ૨૧-૦૬-૨૦૧૮ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**



બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)
(જુનાગઢવાળા)
જતીન દેસાઈ / પ્રશાંત પરીખ
તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ
પત્રવ્યવહારનું સરનામું
**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**Visit us at www.balasinor.org**


## તંત્રી સ્થાનેથી

# અધિકમાસ

**તુષાર મહેન્દ્ર કડકીયા**

પુષ્ટીમાર્ગમાં અધિકમાસનો શો અર્થ છે. જાહેરાતો એવી થાય છે કે અધિકમાસ આવે છે તો તમે ભાગવત પોથી પધરાવો તો તમને તેનુ અધિકફળ મળશે. શું આ વસ્તુ યોગ્ય છે. અધિકમાસ દર ત્રણ વર્ષે આવે છે એને ઘણા મળ માસ અથવા તો લીપ ઈયર તરીકે પણ ઓળખે છે. અધિકમાસ એટલે સૂર્યવર્ષ તથા ચંદ્રવર્ષની વચ્ચેની જે ખાઈ હોય તેને કારણે દર ત્રણ વર્ષે અધિક માસ આવે છે. આ માસમાં સૂર્યસંક્રાંતિ નથી હોતી. દરેક માસનો અધિક પતિ હોય છે પરંતુ આ માસનો કોઈ અધિપતિ ન હોવાનો કારણે અને શાસ્ત્રીય પરંપરા પ્રમાણે નિત્ય-નૈમિતિક કર્મ અને પહેલાથી જે યજ્ઞસત્રને શ્રાધ્ધ કર્મ વિગેરે કરી શકાય પરંતુ શાસ્ત્રીય કર્મ થઈ શકતું નથી. પોતપોતાની વર્ણઆશ્રમ અનુસાર પુષ્ટીમાર્ગીય પણ આ પરંપરાને આદર આપે છે. જ્યાં સુધી અધિકમાસમાં ભગવતસેવા પ્રકારનો તો કોઈ પ્રશ્ન જ થતો નથી કારણ કે આ વિષયમાં મૂળ આચાર્યોનો કોઈ જાણીતો લેખિત પત્ર મળ્યો નથી પરંતુ જે ઋતુમાં અધિકામાસ આવે તે ઋતુ પ્રમાણે સેવા કરવી કારણ કે અધિકમાસમાં કોઈ મર્યાદા નથી હોતી ને કોઈ ઉત્સવ પણ હોતો નથી અને પોતાના ગુરુ ગૃહની જે સેવા પ્રણાલિકાનું પણ બંધન હોતું નથી. પરંતુ ઋતુ

પ્રમાણે પોતાના સેવ્ય સ્વરૂપને જેનાથી સુખ મળતુ હોય તે પ્રમાણે કરવુ જરૂરી છે. આ દિવસોમાં ચૈત્ર માસ અથવા તો ભાઈબીજ અથવા તો ઠકરાણી ત્રીજ જેવા ઘણા મનોરથો કરનારા કરે છે પરંતુ તે પોતાના લાભાર્થે અથવા તો ભીડ લગાડવાની લાલચથી કરે છે. વધારે પડતો ધનલાભ કરવું- મેળવવું તે એક અપરાધ છે. ભાગવત પુરાણ કે પારાયણ કથામાં પણ આ મર્મ સમજવો જોઈએ પરંતુ શ્રી મહાપ્રભુના આદેશ પ્રમાણે આ માસમાં વધારે નિત્ય-નિયમને ભાગવતનો (ત્રિવિધ નામાવલી, પુરુષોતમ સહસ્ત્ર નામ) કરવું જોઈએ. શ્રી મહાપ્રભુ દ્વારા આમાનું આપણને કોઈપણ બાબત સૂચિત કરી નથી.

★★★★★

## જ્યોતિપુંજના નવા મેઈલીંગ એડ્રેસ માટે અગત્યની સુચના

જે પણ સભાસદ ભાઈ બહેનોને જ્યોતિપુંજ નવા સરનામે જોઈતું હોય તેઓને વિનંતી કે પ્રકીર્ણ વિભાગ ઉપરાંત આ મુજબની સુચના નવા તથા જુના એડ્રેસ તથા સભાસદ નંબર અથવા વસ્તી પત્રક ક્રમાંક નંબર સાથે અલ્પેશ ધારીઆ - Bharat Asbestos & Rubber Co., ૧૩૭, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ગ્રાઉન્ડ ફ્લોર, મુંબઈ - ૪૦૦૦૦૩, મોબાઈલ નંબર - ૯૮૨૧૧૧૦૭૪૭/૯૮૩૩૮૬૭૬૦૧. Email : aydharia@gmail.com ને મોકવાનું રહેશે. આ સિવાય કોઈપણ મૌખિક સુચના સ્વીકારવામાં આવશે નહી.

**મંત્રી - ભાવેશ મોદી    સંયોજક - અલ્પેશ ધારીઆ**


એક શુભેચ્છક ના જે જે શ્રી ગોકુલેશ

# અસમ સુખની સમસ્યાઓ

- શૈલેષ દેસાઈ

માણસનું ચાલે તો તે ભગવાન સામે ઘણી ફરિયાદો કરી શકે તેમ છે. આખરે ધરતીકંપ, રેલ, દુકાળ, વિયોગ, રોગ, ઘડપણ અને મૃત્યુ શા માટે ? માણસ પર અચાનક તુટી પડતી આપત્તિઓમાં કહેવાતા કૃપાળુ કરૂણાનિધિ, દુઃખભંજક, ગરીબનવાઝ, પતિત-પાવન કે દીનદયાળ પરમેશ્વરની કઈ વાસ્તવિક વાસલ્યતા પ્રગટ થતી હશે. દુનિયામાં સુખના જથ્થા કરતાં દુઃખનો જથ્થો અનેકગણો મોટો જણાય છે. ભગવાન બુધ્ધને સમજાયું કે જગતમાં દુઃખ જ દુઃખ છે. સમગ્ર સંસાર દુઃખ પ્રધાન ને સુખ તરસ્યો જણાય છે.

ભગવાનનું ચાલે તો માણસ સામે ઘમી ફરીયાદ કરી શકે. ગુલામી પ્રથા, અસ્પૃયતા, સ્ત્રીઓની સાથે પુરૂષોનો દુરવ્યવહાર, ક્રુસેડ, જેહાદ, કોમી હુમલા થતા નરસંહાર પોતાના દરબારમાં કાપેસૃચર કામ ચલાવી શકે તેમ છે. ગુનેગારોની લાઈન નાની થઈ શકે તેમ નથી.

તક મળે તો ભગવાનને પુછવું કે માણસને દુઃખ સહન કરવાની શક્તિ આપી છે તો સુખ સહન કરવાની શક્તિ કેમ નહી. યુરોપ અમેરીકામાં નરાખોરોની ધમાચકડી પ્રગટ થતી રહે છે. શરાબખાનું એક એવી જગ્યા છે જ્યાં સુખ અને દુઃખનું ચઠતું અને ઉતરતું તાણ અને તૃપ્તિનું મિલન થતું હોય છે. કવિઓ આને મધુશાલા કહે છે. સુખ આખરે શું છે ? આપણી પાસે જોઈએ તે હોય, તેમાં સુખ નથી. તેનું મુલ્ય સમજાતું નથી.

જે માનવી જીવનમાં સુખની શોધ નથી કરતો તે જીવતે જીવત મરેલો ગણાય. આવા મરી ગયેલા માણસને લીધે દુનિયા દુઃખી છે. ભંગાણનું આયુષ્ય વાસણા આયુષ્ય કરતાં વધારે હોય છે.

સંસારી અને સાધુ વચ્ચે ફેર શો? સંસારી સુખ મેળવવાનો અભરખો સેવે છે. આપણે તકલાદી સુખીની પ્રાપ્તી માટે હવાતીયા મારતા રહીએ છીએ. જે સુખ પૈસાથી ખરીદી શકાય તે સુખથી ધરવ નથી થતો. ઓરડાની ટાઢક ખરીદી શકાય છે પણ અંદરની ટાઢક ખાતરી નથી આપતી. અંદરની ટાઢક અંતરની ટાઢકની ખાતરી નથી આપતી. અંતરની ટાઢક સદગુણના સંગાથ વગર નથી મળતી. અમેરીકન લેખક રસેલ બેકરે લખેલું કે લોકોને એવી બાબતો માણવાની વધારે મજા પડે છે. જે બાબતોના આંનદથી બીજા વંછિત રહી ગયા હોય. સુખ આખરે શું છે? આપણી પાસે જે જોઈએ તે હોય એવું બને તેમાં જરા સુખનો મલમ હોવાનો. જે આપણી પાસે હોય તેનું મુલ્ય ઝટ નથી સમજાતું. જે ન હોય તેની વધારે આકાંક્ષા હોય છે. Have & Have not માં ઘણો ફરક છે. માણસને વધારે પડતું સુખ સગવડ મળે છે ત્યારે મન કાબુમાં નથી હોતું તે વધુ ને વધુ મેળવવાની અપેક્ષા રાખે છે. આ અપેક્ષા પાછળ જે છે તેનું મુલ્ય નથી સમજાતું. સુખ એક માનસીક સમજ છે. સુખમાં માણસ ભગવાનથી દુર થતો જાય છે. કોઈ માણસ સંપૂર્ણ નથી હોતો. કોઈને કોઈ વસ્તુની અછત હોય છે. સુખ અનેક પ્રકાર વસ્તુ કે સ્થિતીથી મળે છે. માણસને જ્યારે સુખ અસહ્ય થઈ પડે છે ત્યારે તેનું વર્તન, બોલવાનું અને સમજ અલગ પડે છે. Mostly માણસ છલકાઈ જાય છે. તે બીજા સાથે પોતાને કંમ્પેર કરે છે. તેનામાં Supriority Complex આવી જાય છે. ખુબ ઓછા જ્ઞાની હોય છે. જે પચાવી શકે છે. ૧૦માંથી નવ જણ નથી પચાવી શકતા. ફક્ત એક જ વ્યક્તિ પચાવી શકે છે.

✤ ✤ ✤ ✤

# નામકરણનું રાજકારણ

પત્નીનાં અવસાન પછી શેઠ દીનાનાથ સાવ એકલવાયા થઈ ગયા. પત્ની હતી ત્યાં સુધી બેઉને એકમેકનો આધાર હતો. આમ તો બબ્બે દીકરા હતા, પણ એક સ્થાયી થઈ ગયો હતો અમેરિકામાં અને બીજો ઓસ્ટ્રેલિયામાં. દીનાનાથજી હવે ઘણી વાર વિચારતા કે, જો વર્ષો જૂનો વિશ્વાસુ બુધિયો ન હોત તો પોતે શું કરત ?

બુધિયા, તું છે તો હું ટકી રહ્યો છું. નહીંતર હું ય તારી શેઠાણીની પાછળ જ ચાલી નીકળ્યો હોત !

એવું હું બોલો છો હેઠ ! અમે તો તમારા રોટલા ખાઈને જ જીવતા છે. બુધિયો બે હાથ જોડીને ભક્તિભાવથી શેઠને કહેતો.

એવામાં એક દિવસ ગામમાંથી સમાજસેવી સંસ્થાના કાર્યકરો શેઠ પાસે પહોંચ્યા. શેઠ, જમાનો કેવો આવ્યો છે ! જે મા-બાપે મોંમાંથી કોળિયો કાઢીને ખવડાવ્યો એમને છોડીને જતાં આજ-કાલના જુવાનિયાઓ ઘડીભર માટે ય વિચારતા નથી. પહેલાં તો શેઠને લાગ્યું કે, એ લોકો પોતાની જ વાત કરી રહ્યા છે. પણ હકીકતમાં તેઅ એક વૃદ્ધાશ્રમની દરખાસ્ત લઈને આવ્યા હતા. આમેય તે શેઠ દીકરાઓના વર્તનથી દુભાયેલા તો હતા જ ! મા જેવી મા મૃત્યુ પામી તો યે બેમાંથી એક્કેને ઘરે આવવાની ફુરસદ નહોતી મળી. એમાં વળી કાર્યકર્તાઓની રજૂઆત સાંભળીને શેઠનું હૈયું મીણની જેમ પીગળવા લાગ્યું. એમને થયું કે, મારા જેવા બીજા કેટલાય હશે જેમને ઢળતી ઉંમરે કોઈ સહારાની જરૂર હશે. આ સત્કાર્યમાં સાથ આપીશ તો એવા કેટલાય વયોવૃદ્ધ લોકોના આશીર્વાદ મળશે. ફૂલની પાંખડીની અપેક્ષાએ આવેલા કાર્યકરોના હાથમાં એમણે ફૂલોનો આખો ગુચ્છો જ મૂકી દીધો.

ઠીક, ચાલો, મારા ફાર્મ હાઉસની પચાસ લાખની જમીન હું વૃદ્ધાશ્રમ બનાવવા માટે દાનમાં આપું છું. શેઠનો જયજયકાર થઈ ગયો. મંત્રીશ્રીને બોલાવીને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. ભવ્ય કાર્યક્રમ યોજાયો અને ખાલી જમીન પર મોટું બોર્ડ લગાવી દેવામાં આવ્યું. શેઠ દીનાનાથ વૃદ્ધાશ્રમ માટેની જમીન. શેઠના નામનું બોર્ડ બિચારું મહિનાઓ સુધી કે કદાચ એકાદ વર્ષ સુધી ત્યાં ને ત્યાં ખોડાઈ રહયું. ફક્ત જમીન મળવાથી શું થાય ? મકાન બનાવવા માટે ફંડ ફાળા ઉઘરાવવાની કાર્યકર્તાઓ મહેનત તો કરતા હતા પણ બે પાંચ હજારના ટીપે ચીપે સરોવર ભરાય એમાં વાર તો લાગે ને ! નાનાં-નાનાં દાન તો ઘણાં મળતાં હતાં, પણ જો કોઈ મોટી રકમ આપનાર દાનેશ્વરી મળી જાય તો કામ ઝડપથી આગળ વધે. ત્યાં તો એક દિવસ-

સાંભળ્યું તમે ? ગઈકાલે રાત્રે ઊંઘમાં જ દીનાનાથ શેઠનું અવસાન થઈ ગયું !

અરેરે, આપણી સંસ્થાને તો મોટી ખોટ પડી ગઈ. આપણા એક જ બોલ પર એમણે આટલી બધી જમીન આપી દીધેલી. હજી તો શેઠના ગયાનો અફસોસ પૂરો વ્યક્ત થાય ન થાય ત્યાં તો ખુશીના સમાચાર આવ્યા.

વૃદ્ધાશ્રમ માટે કનૈયાલાલ શેટ ૨૫ લાખ આપવા તૈયાર છે પણ એમનું નામ બોર્ડ પર લખાય તો જ.

આમેય જે જૂનું બોર્ડ કેટલા વખતથી પડી ગયું છે એની કોઈને ખબરેય નથી. આટલા રૂપિયા મળતા હોય તો નવા બોર્ડ પર લખી દઈએ એમનું નામ એમાં શું ?

કારોબારીના સભ્યોની સંમતિથી નવા ચીતરાવેલા બોર્ડ પર લખવામાં આવ્યું. શેઠ દીનાનાથ તથા શેઠ કનૈયાલાલ વૃધ્ધાશ્રમ. હવે મકાનનું કામ જોરશોરથી ચાલવા લાગ્યું. રહેવાસીઓ માટેના ઓરડા, રસોઈ ઘર, ભોજનખંડ, ટી.વી. અને લાઈબ્રેરી રૂમ, એક નાનકડું મંદિર. આ બધું જેમ જેમ બનતું ગયું તેમ તેમ વધુ ને વધુ નાણાંની જરૂર ઊભી થવા લાગી. વળી પાછા કાર્યકરો ખભે થેલો લટકાવી નીકળી પડયા. આ વેળા તો રાધેબાબૂને પકડવા જ પડશે.

આટલા મોટા વેપારી થઈને સાવ મુટ્ઠી વાળી દો એ થોડું ચાલે ?

રાધેબાબૂએ કંઈ વધુ રકઝક ન કરી, દસ લાખ આપું તો ખરો, પણ મારું નામ કયાં ને કેવી રીતે મૂકશો ?

અરે સાહેબ, મુલાકાતીઓ માટેના ખંડના દરવાજા પર આરસની તકતી લગાવીશું. એમાં મોટા, સુવર્ણ અક્ષરે લખાશે. -સૌજન્ય રાધેબાબૂ પરિવાર. રાધેબાબૂ ખુશ થઈ ગયા. ચાલો, બે નંબરનો પૈસો સારા કામમાં વપરાશે. વળી મોટો ફાયદો એ કે, મારું નામ અમર થઈ જશે. બધું લગભગ પૂર્ણતાને આરે પહોંચ્યું હતું. માત્ર કલાત્મક, ભવ્ય પ્રવેશદ્વારના પાંચ લાખ જ ઊભા કરવાના હતા. જિલ્લાના સાંસદ શ્રી માટે એ કંઈ મોટી વાત નહોતી. એમને માટે તો આ ડાબા હાથનો ખેલ (કે મેલ ?) કહેવાય. એમ તો તેઓ ઉદાર હૃદયના હતા. એમણે કહયું.

સાંસદ નિધિમાંથી આ રકમ ફાળવવા હું તૈયાર છું. પણ એ માટે મારી બે શરતો છે. એક તો એ કે, ઉદ્‌ઘાટન મારા શુભ હસ્તે જ થવું જોઈએ અને બીજું, મુખ્ય પ્રવેશદ્વાર પર મારું નામ આવવું જોઈએ.

એ તો એમ જ હોયને કિશનસિંહજી ! આપે કહેવાની જરૂર જ ન હોય. ઉદ્‌ઘાટન આપના કર-કમળથી થાય એમાં જ સૌની શોભા કહેવાય. કાર્યકર્તાઓએ લળી લળીને સાંસદશ્રીની ખુશામત કરી.

પ્રવેશદ્વાર તો સુંદર બન્યું જ હતું પણ એની પર ચમકતા, રૂપેરી અક્ષરોથી લરાયેલું, માનનીય સાંસદ શ્રી કિશનસિંહજી, બહુ ધ્યાનાકર્ષક લાગતું હતું. નીચે સાવ ઝીણા અક્ષરે લખેલું હતું. પ્રવેશ દ્વારા-સાંસદનિધિ દ્વારા પણ એ અક્ષરો એટલા ઝીણા અને જાંખા હતા કે, એ તરફ કોઈનું ધ્યાન જાય એમ નહોતું. એની નીચે એક કમાન બનાવીને એની પર લખવામાં આવ્યું હતું. કનૈયાલાલ દીનાા વૃધ્ધાશ્રમ. કનૈયાલાલનું નામ આગળ લખવું જ પડે કેમકે, તેઓ હયાત હતા ને દીનાનાથનું 'દીના' થઈ જાય એનો વાંધો નહીં, એ તો હવે નાથ પાસે પહોંચી ગયા હતા.

આ બધું નામનું કમઠાણ જે હોય તે પણ લોકો તો એને કિશનસિંહજી આશ્રમના નામથી જ જાણે છે. આ આખી વાત સાંભળ્યા પછી ય શું તમે કહી શકો કે. વોટ ઈઝ ધેર ઈન એ નેમ ? **(સંકલન)**

# જ્યોતિપુંજ ચિત્રકામ હરિફાઇ

સૌ પ્રથમ જ્યોતિપુંજ ચિત્રકામ હરિફાઈના વિજેતાઓના નામ ઘોષિત કરતા આ વર્ષે ફરીવાર શ્રી બાલાસિનોર નવયુવક સંઘ અને જ્યોતિપુંજ તંત્રીમંડળ હર્ષની લાગણી અનુભવે છે અને ભાગ લેવા બદલ સૌ ઉગતા સિતારાઓને ધન્યવાદ પાઠવે છે.

ખાસ જણાવાનું કે ગ્રુપ નંબર - ૧ (ઉંમર વષ૪ ૪ થી ૮) નાના બાળકો માટે જ્યોતિપુંજમાં જે દીવાળી વિષયનું તૈયાર ચિત્ર જે આપ્યું હતું, તે અમારી ભૂતપૂર્વ તંત્રી મંડળની સભ્ય મનિષા નિમિષ શાહની દિકરી ત્વેશાએ દોર્યું હતું.

દર વર્ષની જેમ આ વર્ષે પણ આ હરિફાઈમાં જજ તરીકે શ્રી પંકજભાઈ શાંતિલાલ પરીખ (જુનાગઢવાળા) તથા ઝીલ દેસાઈ (શ્રી પ્રશાંતભાઈ દેસાઈ પેઢીવાળાની દિકરી) એ સેવા પ્રદાન કરી હતી.

**આ હરિફાઈના પરિણામ નીચે મુજબ છે.**

**ગ્રુપ નંબર - ૧ (ઉંમર વર્ષ ૪ થી ૮)**

| | | |
|---|---|---|
| **પ્રથમ ઈનામ** | : | વિહાન અનુપ મહેતા |
| **દ્વિતિય ઈનામ** | : | વંશ અનુપ મહેતા |
| | | આર્નવ દેવાંગ દેસાઈ |
| **તૃતીય ઈનામ** | : | પિયલ જીનેશ પરીખ |

**સુધારો**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

**સેક્રેટરી રીપોર્ટમાં**

(૧) મહિલા વિભાગમાં અલ્પા ધારીયાના બદલે **અલ્પા કડકીયા** વાચંવુ.

(૨) **પંકજભાઈ કાંતિલાલ ધારીયા (લાલખાં)** તેમના તરફથી રસોત્સવ પ્રસંગે **૧,૫૦,૦૦૦ (એક લાખ પચાસ હજાર)** નું માતબર દાન મળ્યું હતું તથા તેમના તરફથી સર્વે આમંત્રીતો ને કાજુપુરી આપવામાં આવી હતી. **મંત્રી - ભાવેશ મોદી**

**ગ્રુપ નંબર - ૨ (ઉંમર વર્ષ ૯ થી ૧૨ વર્ષ)**

| | | |
|---|---|---|
| **પ્રથમ ઈનામ** | : | વિધી સચીન શાહ |
| **દ્વિતીય ઈનામ** | : | રિધમ નીરજ શાહ |

અમને કુલ **ગ્રુપ નંબર - ૧** માં **૨૦** ચિત્ર તથા **ગ્રુપ નંબર - ૨** માં **૫** ચિત્ર પ્રાપ્ત થયા હતાં.

**ખાસ નોંધ** લેશો કે આ હરિફાઈમાં ભાગ લેનાર સર્વ બાળકોને કોન્સોલેશન પ્રાઈઝ આપવામાં આવશે.

તમારા ઈનામ તા. ૨૮-૭-૨૦૧૮, શનિવારના રોજ બપોરે ૪.૦૦ થી સાંજે ૬.૦૦ વાગ્યા સુધીમાં નીચેના સરનામેથી લઈ જવા વિનંતી.

બંકીમ પરીખ, ડાયમંડ ઈલેક્ટ્રીક કંપની, ઈ/૨૧, બી, નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી, કાલબાદેવી રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨. ફોન : ૨૨૦૫૯૬૦૧, ૯૮૨૦૪૩૪૩૨૨.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
શ્રીમતી શાંતાબેન કાંતિલાલ લાલચંદ દોશી પુરસ્કૃત

# મહિલા વિભાગ

## આગામી કાર્યક્રમ - GAMES

**તા. ૧૪મી જુલાઈ શનિવારના** રોજ બપોરે ૨.૩૦ વાગે રાખવામાં આવ્યો છે.

**સ્થળ :** લોઢા હોલ, શારદા વિદ્યા મંદીર, ટેલીફોન એક્ષચેંજની ગલીમાં, ગામદેવી.

**પાસ લેવાની તારીખ તથા સમય :** આ કાર્યક્રમના પાસની કિંમત રૂા. ૧૦૦ રાખવામાં આવી છે. તે તા. ૩ જુલાઈ, મંગળવારના રોજ બપોરે ૩ થી ૪ માં સંસ્થાની ઓફિસે આપવામાં આવશે અથવા કોઈપણ કમિટિ મેમ્બર પાસેથી લઈ શકાશે.

ખાસ નોંધ : કાર્યક્રમમાં મેમ્બરશીપ પાસ લઈને આવવું ફરજિયાત છે. તે વગર એન્ટ્રી નહીં મળે. બાળકોને પ્રવેશ આપવામાં નહીં આવે. **મંત્રી - ભાવેશ મોદી**

**સંયોજક - અલ્પા કડકીઆ-૯૮૧૯૬૨૯૦૬૨**

---

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
## આંતરિક રમત-ગમત ૨૦૧૭-૨૦૧૮
## શ્રી દક્ષેશભાઈ, શ્રી મીનીષભાઈ કડકીયા (કડકીયા એન્ટરપ્રાઈઝ)
## તથા શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પુરસ્કૃત
## આંતરીક રમત-ગમત ઉપનગર વિભાગના પરિણામો - ચેસ-કેરમ

# WINNERS OF INDOOR GAMES (UPNAGAR) 2017-18.

- **CHESS JUNIOR'S MEN**
  - 1st SARTHAK SANDEEP DESAI
  - 2nd DEV SAMIR PARIKH
- **CHESS SENIOR'S' MEN**
  - 1st NIKESH RAKESH SHAH
  - 2nd DEEP DEVANG MODI
  - 3rd JITEN AJIT PARIKH
- **CARROM SINGLES MEN**
  - 1st AJIT N MODI
  - 2nd KEYUR ATUL PARIKH
  - 3rd NITESH RAJUBHAI SHAH
- **CARROM SINGLES WOMEN**
  - 1st SWATI ATUL KADAKIA
  - 2nd DARSHNA SHREYANS PARIKH
  - 3rd VAISHALI HEMANSHU MODI
- **MIXED DOUBLE CARROM**
  - 1st SWATI A KADAKIA/AJIT N MODI
  - 2nd JINAY DHARMESH PARIKH/ HEMA RAKESH PARIKH
  - 3rd NITESH R SHAH/NEETA R SHAH
- **CHESS WOMEN'S SENIOR**
  - 1st SWATI ATUL KADAKIA
  - 2nd KRUSHA SANDEEP DESAI
  - 3rd JIGNA DEVANG MODI
- **CARROM WOMEN'S DOUBLE**
  - 1st SWATI A KADAKIA DARSHNA S PARIKH
  - 2nd HENNY S PARIKH/ HEMA R PARIKH


શ્રીમતી નીતાબેન રાજેન્દ્ર મોદી (પેપરવાળા) ના જે જે શ્રી ગોકુલેશ

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# સંસ્થા સમાચાર

**- મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૧૧ મી બેઠક (વન ડે મીટીંગ) તા. ૨૭.૫.૨૦૧૮ રવિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કોલકત્તાવાળા) મીટીંગ હોલ પ્રગતિ સમાજની ઓફીસ ખાતે પ્રમુખશ્રી સૌમિલ જીતેન્દ્ર મોદીના નેજા હેઠળ મળી હતી.

પ્રમુખશ્રી એ સૌ વડિલો અને આમંત્રીતોને આવકાર આપ્યો હતો અને સૌના સાથ અને સહકારથી વધુ સારા કાર્યો કરવાની પ્રેરણા મળે તેવી આશા વ્યક્ત કરી હતી.

પ્રમુખશ્રીના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ લેવામાં આવ્યા હતા.

સંસ્થાના સહમંત્રી શ્રી જીગર કડકીઆએ ગત મીટીંગનો અહેવાલ રજુ કર્યો હતો. તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

સંસ્થાના ખજાનચી શ્રી જતીન કોટીયાએ અન્વેષિત આવક-જાવકના હિસાબની રજુઆત કરી હતી તે ચર્ચા વિચારણા બાદ પસાર કરવામાં આવી હતી.

સંસ્થાના મંત્રી શ્રી ભાવેશ મોદીએ વર્ષ ૨૦૧૭-૨૦૧૮નો વાર્ષિક અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

સંસ્થાના સહમંત્રીએ આ વર્ષે ચાલો બાલાસિનોરનું આયોજન નક્કી કરવામાં આવ્યું છે તેની જાહેરાત કરી હતી અને તેની સાથે આપણા વતન સ્થિત શ્રી ગોકુલનાથજી મંદીરના ૫૦ વર્ષ પૂર્ણ થાય છે તે ઉજવણી વિષે જાહેરાત કરી હતી.

તા. ૪ અને ૫ નવેમ્બર ૨૦૧૮ મંદીરની ૫૦ વર્ષની ઉજવણી તથા તારીખ ૬ થી ૯ નવેમ્બર ચાલો બાલાસિનોર તેમને સૌએ આમા સાથ અને સહકાર આપે એવી આશા વ્યક્ત કરી હતી.

સૌ વડિલોએ ગત વર્ષના કાર્યોની સરાહના કરી હતી અને સંપૂર્ણ સમિતિને અભિનંદન આપ્યા હતા.

કુલ ૫ આજીવન સભ્યોની અરજી આવી હતી તેમના નામ અમરીશ ચીમનલાલ શાહ, વીકેન પ્રવિણચંદ્ર કાછીઆ, કેતન પ્રવીણચંદ્ર કાછીઆ, મયૂર શશીકાન્ત કાછીઆ, આશીષ જગદીશભાઈ કાછીઆ. કુલ ૪ લીવની અરજી આવી હતી - શ્રી બંકીમ પરીખ, શ્રી કમલેશ દોશી, શ્રી ઉર્મિલ કડકીઆ, શ્રી કીંજલ પરીખ.

પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

## શ્રી બાલાસિનોર યાત્રાપ્રવાસ સંઘ

શ્રી વાડાસિનોર જ્ઞાતિના તેમજ સર્વે વૈષ્ણવો જોગ, સર્વેને જય જય શ્રી ગોકુલેશ

રંગીલું રાજસ્થાન : રણથંબોર, જયપુર, અજમેર, પુષ્કર, જોધપુર, જેસલમેર, બીકાનેર યાત્રા

સહર્ષ જણાવવાનું કે ઉપરોક્ત સંઘના નેજા હેઠળ રાજસ્થાન - રણથંબોર, જયપુર, અજમેર, પુષ્કર, જોધપુર, જેસલમેર, બીકાનેરની યાત્રાનું આયોજન હાથ ધરાયું છે.

આ યાત્રાનું સંચાલન મેસર્સ એ.ડી. ટુર્સવાળા શ્રી અજય દત્તાણીને સોંપાયુ છે. આ યાત્રા તારીખ ૨૮મી જાન્યુઆરી ૨૦૧૯ના રોજ મુંબઈથી નીકળી ૯ મી ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ પાછી આવશે. આમ આ યાત્રા કુલે ૧૪ દિવસની રહેશે. યાત્રાની સંપૂર્ણ રોજબરોજનો કાર્યક્રમ વાળા પરિપત્ર યાત્રા બુક કરાવતી વખતે આપવામાં આવશે. યાત્રા દરમ્યાન પુષ્કર ખાતે મહાપ્રભુજીની બેઠકજીની ઝાંખી કરવાની ઉમદા તક.

પ્રવાસી દીઠ યાત્રા ખર્ચ રૂા. ૩૩,૫૦૦/- રાખવામાં આવ્યો છે. યાત્રા ખર્ચમાં નીચે જણાવેલ સુવિધાઓનો સમાવેશ થયેલ છે.

પ્રવાસ મુંબઈથી શરૂ થઈને મુંબઈ સમાપ્ત થશે. પ્રવાસ દરમ્યાન બેઠકોમાં ઝારી ભરવાની જોગવાઈ શક્ય હશે તો કરવામાં આવશે. યાત્રા ૩ ટીયર એ.સી. ટ્રેન દ્વારા પ્રવાસ (મુંબઈ થી ઓગષ્ટ ક્રાંતી રાજધાની એક્સપ્રેસ અને પાછા વળતા બીકાનેર દાદર સુપર એક્સપ્રેસ) (૨ ટીયર એ.સી.ટ્રેનમાં પ્રવાસ કરવા ઈચ્છતા યાત્રીઓએ ટિકિટનાં વધારાનો ચાર્જ ભરવાનો રહેશે. સુપર ડીલક્ષ એ.સી. રૂમની વ્યવસ્થા (કપલ દીઠ), શક્યતા પ્રમાણે એ.સી. બસ અન્યથા નોન એ.સી. બસ (૨x૨) દ્વારા પ્રવાસ, સવારના બેડ ટી થી લઈને રાતના મસાલા મિલ્ક, બન્ને સમયનું સ્વાદિષ્ટ ભોજન, સવારનો ગરમ નાસ્તો.

નોંધ : સિનિયર સીટીઝન મહિલાઓ ઉંમર વર્ષ ૫૮ તથા પુરુષો વર્ષ ૬૦ને રેલ્વે પ્રવાસના દરોમાં રાહત પછીથી કાપી આપવામાં આવશે. યાત્રા દરમ્યાન કુલીઓનો ખર્ચ યાત્રીઓએ ચુકવવો પડશે. રીક્ષાઓ નો ખર્ચ યાત્રીઓએ ચૂકવવો પડશે. બેઠકોમાં ઝારી ભરવા અપરસના વસ્ત્રો તથા અન્ય સામગ્રી સાથે લાવવી અનિવાર્ય છે.

યાત્રામાં કુલ ૩૫ કપલ એટલે કે ૭૦ વ્યક્તિઓ વહેલો તે પહેલો ના ધોરણે લેવામાં આવશે. ત્યારબાદ નોંધાયેલ યાત્રી વેઈટ લિસ્ટમાં રહેશે. તા. ૦૨-૦૭-૨૦૧૮ ના રોજ નીચેના સ્થળેથી યાત્રા માટેના ફોર્મ આપવામાં આવશે.

**બાલાસિનોર પ્રગતિ સમાજ** - બાબુગેનુ રોડ, કાલબાદેવી, કિર્તિભાઈ કડકિયા - સાંજે ૪.૩૦ થી ૬

સંપૂર્ણ વિગતો ભરેલા ફોર્મ તા. ૭-૭-૨૦૧૮ના રોજ પ્રવાસી દીઠ રૂા. ૧૩૫૦૦/- સાથે સ્વિકારવામાં આવશે. બાકી રકમ પૈકી રૂા. ૧૦,૦૦૦/- તા. ૮-૯-૨૦૧૮ના રોજ ૧૧ થી ૧ કલાક દરમ્યાન ભરવાના રહેશે અને રૂા. ૧૦,૦૦૦/-ના તા. ૦૧-૧૨-૨૦૧૮ ના રોજ ૧૧ થ ૧ કલાક દરમિયાન ભરવાના રહેશે.

વધુ વિગતો માટે નીચે જણાવેલ વ્યક્તિઓનો સંપર્ક સાધવા વિનંતી.

**શ્રી મંજુલ શૈલેષકુમાર ધારિયા- ૯૮૨૦૧૩૫૦૧૪**

**શ્રી નવનીતલાલ ચંદુલાલ પરીખ (સરકાર) - ૯૯૩૦૪૩૩૨૩૧**



મનીષા નિમીશ શાહ (ઉજળાવાળા) ના જે જે શ્રી ગોકુલેશ

# શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ
# શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ

આપ સૌને જણાવતા સહર્ષ આનંદ થાય છે કે, શ્રી રજનીકાંત કાંતીલાલ કડકિયા (લટકારી), આપણા સમાજના અગ્રગણ્ય એક એવા સામાજીક કાર્યકર્તા, એક એવા વાડસોલ કર્મવિર કે જેઓએ પોતાના સામાજીક જીવનનાં ૪૭ વર્ષ ઉપરોક્ત સંસ્થા વતિ શ્રીમતી કલાબેન ચીમનલાલ કડકિયા (બનડા) આર્થિક રાહત યોજના તથા શ્રીમતી તારાબેન રતિલાલ પરીખ જીવન નિર્વાહ યોજના ના સંયોજક તરીકે સેવા બજાવી. તેઓના સામાજીક કાર્યકાળ દરમ્યાન તેઓએ સ્વયંમ જાતે તથા તેમની પેટા સમિતિના સભ્યોએ નિસ્વાર્થ ભાવે સેવા બજાવી છે તેની સંસ્થાએ નોંધ લીધી છે. એવા આપણાં આ સામાજીક કાર્યકર્તા એ નાદુરસ્ત તબિયતને ધ્યાનમાં રાખીને સામાજીક કાર્યોમાંથી નિવૃત્તી લેવાનો નિર્ણય લીધો છે. સંસ્થા વતી સંસ્થાના કારોબારી સમિતિના સભ્યોએ તેઓશ્રી ના ૪૭ વર્ષના કાર્યકાળ ને બિરદાવતા, તેઓશ્રીનું તેમના નિવાસ સ્થાને બહુમાન કર્યું હતું. સંસ્થાના પ્રમુખ શ્રીમતી સોહિણીબેન કડકિયા તથા સંસ્થાના મંત્રીઓ શ્રી નિમીષ કડકિયા તથા શ્રી મંજુલ ધારીયાએ સમસ્ત કારોબારી સમિતિ અને સંસ્થાના સભ્યો વતી શ્રી રજનીકાંત કાંતિલાલ કડકિયા (લટકારી) નું ચાંદીના શ્રીફળ તથા શાલ દ્વારા બહુમાન કરી તેમનાં કાર્યોને નવાજ્યા હતા.

**કારોબારી સમિતિ વતી - માનદ્ મંત્રીઓ**
**શ્રી નિમિષ કડકિયા તથા શ્રી મંજુલ ધારીયા**

---

## શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ
## શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ

## અનુકરણીય દાન

સખાવતી દાતાશ્રી તરફથી પ્રાપ્ત થયેલ દાનની નામાવલી

**એક શુભેચ્છક તરફથી રૂા. ૨,૦૦,૦૦૦/-**

સંસ્થાની કારોબારી સમિતિના સૌ સભ્યો દાતા પરિવારનો આભાર વ્યક્ત કરે છે અને તેમના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે.

**કારોબારી સમિતિ વતિ**
**માનદ્ મંત્રીઓ - શ્રી નિમિષ કડકીયા તથા**
**શ્રી મંજુલ ધારિયા**

# શ્રી વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ક્રે.સો.લી.

**સર્વે શેર ધારકો**

સવિનય નિવેદન છે કે ઉપરોક્ત ક્રેડીટ સોસાયટીની ૩૨મી વાર્ષિક સામાન્ય સભા તારીખ ૯ મી ઓગસ્ટ ૨૦૧૮ને ગુરૂવારના રોજ સાંજે ૭.૦૦ કલાકે તેજપાલ ઓડીટોરીયમ ખાતે પ્રમુખશ્રી પ્રફુલભાઈ ચીમનલાલ શાહના પ્રમુખ સ્થાને રાખવામાં આવેલ છે.

સૌ શેર ધારક સભ્યોએ સમયસર હાજર રહેવા વિનંતી

હાલની પરિસ્થિતી અનુસારને અનુલક્ષી વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ક્રે.સો.લિ. એ વ્યાજના દરોમાં તાત્કાલીક વધારો અમલમાં મુકવાનો નિર્ણય લીધેલ છે. આ વ્યાજના દરો તા. ૩૦.૫.૨૦૧૮ થી અમલમાં આવેલ છે. જે નીચે મુજબના રહેશે.

| | | જૂના દરો | નવા દરો |
|---|---|---|---|
| રીકરીંગ ડીપોઝીટ | ૧ વર્ષ થી ૨ વર્ષની અંદર | ૫.૨૫ | ૫.૫૦ |
| રીકરીંગ ડીપોઝીટ | ૨ વર્ષ થી વધુ | ૫.૭૫ | ૬.૦૦ |
| ફીક્સ ડીપોઝીટ | ૧ વર્ષ સુધી | ૫.૭૫ | ૬.૦૦ |
| ફીક્સ ડીપોઝીટ | ૧ વર્ષ સુધી સીનીયર સીટીઝન માટે | ૬.૨૫ | ૬.૫૦ |

**નોંધ :** વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ક્રે.સો.લિ. અને બાલાસિનોર પ્રગતિ સમાજમાં વધુ એક ટેલીફોન નંબર ૪૯૨૩૩૪૭૬ આવેલ છે. તેની સર્વે સભ્યોએ નોંધ લેવા વિનંતી.

**માનદ્ મંત્રીઓ - શ્રી મંજુલ એસ.ધારીયા, શ્રી નીતીન પી. ગાંધી**

# બાલાસિનોર વિદ્યામંડળ

## પ્રશંસનીય દાન

આપણી સંસ્થાને રૂા. ૨,૦૦,૦૦૦ (અંકે રૂપિયા બે લાખ)નું માતબર દાન મનહરલાલ ચુનીલાલ કડકીઆ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મુરબ્બી શ્રીમતી સરલાબેન મનહરલાલ કડકીઆ (મલમ) તથા મુરબ્બી શ્રી મનહરલાલ ચુનીલાલ કડકીઆ (મલમ) ના નામે તેમને સુપુત્ર શ્રી નિમિષભાઈ મનહરલાલ કડકીઆની સુપુત્રી વિધિના લગ્નપ્રસંગ નિમિત્તે 'નોટબક યોજના' હેઠળ ન્યાસફંડ માટે પ્રાપ્ત થયું છે.

**લિ. બાલાસિનોર વિદ્યામંડળ**
**કારોબારી સમિતિ વતી.**

# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ તથા બાલાસિનોર વિદ્યોતેજક ચેરિટેબલ ટ્રસ્ટ

## અનુકરણીય દાન

સખાવતી દાતા તરફથી પ્રાપ્ત થયેલ દાન

**ચંદ્રિકાબેન પ્રવીણચંદ્ર શાહ હસ્તે કુંજુંબેન હેમેન્દ્ર શાહ (ચકવા) નો પરિવાર રૂા. ૧,૦૦,૦૦૦/-**

સંસ્થાની કારોબારી સમિતિના સૌ સભ્યો દાતા પરિવારનો આભાર વ્યક્ત કરે છે અને તેમના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુ પ્રાર્થના કરે છે.

**કારોબારી સમિતિ વતી શ્રી જસ્મિન બી. શેઠ તથા**
**શ્રી ધર્મેશ જે. શાહ - માનદ્ મંત્રીઓ**


સ્વ. લીલાબેન નવનીતલાલ શાહ (ખડગોધરાવાળા) ના જે જે શ્રી ગોકુલેશ

# માનવીનાં જીવન જરૂરીયાત

- ગીતા રાજેન્દ્ર કડકીઆ (લટકારી)

| | |
|---|---|
| માનવીમાં | માનવતાની જરૂર છે |
| મિત્રમાં | વફાદારીની જરૂર છે |
| માલિકમાં | દયાની જરૂર છે |
| સૈનિકમાં | હિંમતની જરૂર છે |
| ભક્તિમાં | પ્યાસની જરૂર છે |
| ગરીબાયમાં | સંતોષની જરૂર છે |
| સ્ત્રીમાં | ચારિત્રની જરૂર છે |
| શિષ્યમાં | અર્પણતાની જરૂર છે |
| બીજા પુરુષમાં | વિશ્વાસની જરૂર છે |
| ગુરુમાં | ઉદારતાની જરૂર છે |
| સાધુમાં | સમભાવની જરૂર છે |
| ન્યાયધીશમાં | ઈન્સાનની જરૂર છે |
| નાગરિકમાં | દેશપ્રેમની જરૂર છે |
| વિદ્યાર્થીમાં | ખંત અને હોંશીયારીની જરૂર છે |
| ડૉક્ટરમાં | દયા-સહિષ્ણુતાની જરૂર છે |
| શિક્ષકમાં | નિપુર્ણતાની જરૂર છે |
| દાનવાનમાં | માલિકતાની જરૂર છે |
| નોકરને | પ્રમાણિકતાની જરૂર છે |
| આત્માને | પરમ આત્માની જરૂર છે |
| અનાધારને | ઈશ્વરની જરૂર છે |

ટુંકમાં માત્ર બધાં માનવીને આ બધી વસ્તુ ઠાકોરજીએ આપી છે. તેનો સદ્‌ઉપયોગ કરશો તો જીવન ખુબ સુંદર અને પવિત્ર બનશે.

મને તો તમારાં ભાવ ભર્યા સાથને સહકારની અને તમારાં પ્રેમની જરૂર છે.

ભાવનાથી અંતર આત્માથી આ લખાયેલાં શબ્દો પ્રેમથી વાંચીએ એવી આશા રાખું છું

# શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

બાલાસિનોરના પ્રિય વૈષ્ણવો સર્વેને જય જય શ્રી ગોકુલેશ

ઉપરોક્ત સમાજ તરફથી અવાર નવાર ધાર્મિક ઉત્સવો ઉજવાય છે. વધતી જતી મોંઘવારી અને ઘટતી જતી વ્યાજની આવકને ધ્યાનમાં રાખીને સમાજ દ્વારા આપ સૌને નમ્ર નિવેદન.

સમાજ દ્વારા શ્રી મહાઓચ્છવ કોર્પસ તથા શ્રી ફગવા કોર્પસ માટે ફક્ત રૂા. ૨,૦૦૦/- માં આપ શ્રી આ બન્ને ઉત્સવો ઉજવવામાં સહભાગી થઈ શકો છે.

જે કોઈ ભાઈ કે બહેનોને ઈચ્છા હોય તેઓને નમ્ર નિવેદન કે નીચે જણાવેલ કાર્યકર્તા ભાઈઓને સંપર્ક સાધી આપ આપનો ફાળો નોંધાવી શકો છો. આ રકમ માટે પાક્કી રસિદ આપવામાં આવશે.

**લી. શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ વતી**
**શ્રી નવનીતલાલ ચંદુલાલ પરીખ (સરકાર) - પ્રમુખ**
**શ્રી જાસ્મીન બીપીન શેઠ /**
**શ્રી કિર્તી હીરાલાલ કડકીયા - મંત્રીઓ**

**નોંધ :** આપ આ પૈકી નીચે જણાવેલ કોઈપણ કાર્યકર્તાઓનો સંપર્ક સાધી શકો છે.

| નામ | મોબાઈલ નંબર |
|---|---|
| શ્રી નવનીતલાલ ચંદુલાલ પરીખ (સરકાર) | ૯૩૦૪૩૩૨૩૧ |
| શ્રી મંજુલ શૈલેષકુમાર ધારિયા | ૯૮૨૦૧૩૫૦૧૪ |
| શ્રી જાસ્મીન બીપીન શેઠ | ૯૮૨૦૮૩૦૦૬૦ |
| શ્રી કિર્તી હીરાલાલ કડકીયા | ૯૮૨૧૦૨૯૨૭૦ |
| શ્રી બીપીન કિર્તનલાલ દોશી | ૯૮૨૧૩૧૬૨૩૩ |
| શ્રી ધર્મેશ જયંતિલાલ શાહ | ૯૮૨૦૩૪૧૩૭૧ |

તેમજ કારોબોરી સમિતિનાં સર્વે સભ્યોના જય જય શ્રી ગોકુલેશ


શ્રીમતી દિપીકા પંકજ ધારીઆ (લાલખા) ના જે જે શ્રી ગોકુલેશ

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.

**૧) ઈકો કેમ્પ :** તા. ૧-૪-૨૦૧૮ના રોજ યોજવામાં આવેલ. કુલ ૪૦ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાં આવેલ. તેમજ ૧૩-૫-૨૦૧૮ના રોજ યોજવામાં આવેલ. કુલ ૩૦ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાં આવેલ.

**૨) છારી કાઢવાનો કેમ્પ :** તા. ૨૦-૪-૨૦૧૮ના રોજ યોજવામાં આવેલ. કુલ ૨૩ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ. તેમજ તા. ૧૧-૫-૨૦૧૮ના રોજ યોજવામાં આવેલ કુલ ૧૩ દર્દીઓની આંખમાંથી રાહતદરે છારી કાઢવામાં આવેલ.

૩) **શ્રીમતી કુસુમબેન રસિકલાલ અને રસિકલાલ મણીલાલ પરીખ (લાકડાવાળા) ડાયાબીટીસ નિદાન કેમ્પ :** તા. ૮-૪-૨૦૧૮ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૬૮ દર્દીઓએ લાભ લીધેલ. આ કેમ્પમાં રૂા. ૪૭૬૦/- ના પેથોલેજી ટેસ્ટ તથા રૂા. ૧૪,૮૦૦/-ની દવાઓ ફ્રી આપવામાં આવેલ. આ કેમ્પમાં આણંદના ખ્યાતનામ ફિઝીશીયન ડૉ. શિશિરભાઈ ગાંધી તથા તેઓના ટીમ તથા આપણી હોસ્પિટલના ફીઝીશીયન ડૉ. વિરલ પટેલ એ સેવાઓ આપેલ. મુંબઈથી કેમ્પના દાતા તરફથી ડૉક્ટસ શ્રી સતીષભાઈ (લાકડાવાળા) હાજર રહ્યા હતા તથા કારોબારી મંત્રીશ્રી નિતીભાઈ પરીખ તથા શ્રી નિતીનભાઈ ગાંધી હાજર રહ્યા હતા.

**હોસ્પિટલમાં માર્ચ ૨૦૧૮ના માસ દરમ્યાન નીચેના વિવિધ વિભાગોના લાભ લીધેલ દર્દીઓ :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | લીલાબેન કીર્તનલાલ દોશી | - | નેત્ર વિભાગ | - | ૧૩૭૧ |
| ૨. | પ્રવીણાબેન દિલીપકુમાર ધારીઆ (લાલખાં) | - | દંત વિભાગ | - | ૫૮ |
| ૩. | કમળાબેન ઓચ્છવલાલ કચેરીયા | - | સુતિકા વિભાગ | - | ૩૨ |
| ૪. | નટવરલાલ ચીમનલાલ પરીખ (રોકડીયા) | - | કાર્ડીયોગ્રામ વિભાગ | - | ૬૯૬ |
| ૫. | મણીલાલ ચંદુલાલ પરીખ | - | એક્ષ-રે વિભાગ | - | ૭૫૪ |

**કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાન :-**

| | | |
|---|---|---|
| ૧. | શ્રી પ્રિતેશભાઈ ઠક્કર (ત્રણ હાઈડ્રોલીક બેડ તથા એક સ્ટીલ બેન્ચ માટે) | રૂા. ૧,૭૧,૦૦૦/- |
| ૨. | કુસુમબેન પ્રવિણચંદ્ર દોશી હસ્તે - અનુજ દોશી | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૩. | મધુસુદન ભીખાલાલ કડકીઆ (ફાડીયા) (એક હાઈડ્રોલીક બેડ માટે) | રૂા. ૫૦,૦૦૦/- |
| ૪. | ચંદ્રવદન શાંતિલાલ શાહ | રૂા. ૫૦,૦૦૦/- |
| ૫. | રાજેશ રસિકલાલ કડકીઆ | રૂા. ૫૦,૦૦૦/- |
| ૬. | શકુંતલાબેન અશોકભાઈ પ્રજાપતી | રૂા. ૫૦,૦૦૦/- |
| ૭. | શર્મિષ્ઠાબેન હર્ષદભાઈ ગાંધી (સ્ટીલ બેન્ચ માટે) | રૂા. ૨૧,૦૦૦/- |

**શ્રી નિતીન પરીખ, શ્રી પરેશ પરીખ - માનદ્ મંત્રીશ્રીઓ**

## પ્રકીર્ણ વિભાગ

### નવા સરનામા

- **પ્રબોધ રસીકલાલ કડકીઆ (હાલોલવાળા)**
  કલ્પતરુ ટાવર, સીએચએસ (લી)
  ટાવર 'ડી', ૭મે માળે, ફ્લેટ નંબર-૭૩
  ઈ.એસ.આઈ.એસ. હોસ્પીટલની સામે
  આકૃલી રોડ, કાંદિવલી (ઈ.), મુંબઈ-૪૦૦૧૦૧
  **પ્રબોધ - ૯૮૯૨૧૫૨૧૮૨**
  **નીરજ - ૯૯૮૭૩૯૨૦૮૫**
  **નીતા - ૯૧૬૭૭૮૫૭૨૧**
  **સ્નેહા - ૯૮૬૭૮૩૬૧૮૯**
- **મીરલ દીનકરલાલ પરીખ**
  ૨/બી/૩૦૩ નેબરહુડ, લોખંડવાલા ટાઉનશીપ,
  આકૃલી રોડ, કાંદિવલી (ઈસ્ટ),
  મુંબઈ - ૪૦૦૧૦૧
- **સેફાલી સુકેતુ મોદી - હાર્દિક સુકેતુ મોદી**
  ફ્લેટ નંબર-૨૦૫, ૨જે માળે, બી વીંગ,
  મથુરા એપાર્ટમેન્ટ, 'એ' કોપરેટીવ સોસાયટી લિ.,
  કેબીન રોડ, ભાયંદર (ઈસ્ટ) - ૪૦૧૧૦૫
  **ફોન : ૯૯૮૭૭૭૪૨૮૬ / ૯૭૭૩૫૮૩૧૫૭**
- **ગોપાલ સી. કડકીઆ**
  ૪૦૩, 'એ' આદિનાથ એપાર્ટમેન્ટ,
  ૨૮૧, જે.ડી. રોડ, તારદેવ, મુંબઈ - ૪૦૦૦૦૭
- **લેનિશા કાર્તિક પરીખ**
  ૬, ત્રિલોક દર્શન, કસ્તુરબા રોડ નંબર-૪,
  બોરીવલી (પૂર્વ), મુંબઈ - ૪૦૦૦૬૬
  **મોબાઈલ - લેનિશા - ૯૮૨૦૪૮૦૭૬૫**
  **પ્રિયાંશી - ૮૭૭૯૦૪૮૧૫૨**
- **રાજેશ બાબુલાલ ધારીયા - સુરેખા રાજેશ ધારીયા,**
  ૭૦૪, રાખી ટાવર, કસ્તુરબા ક્રોસ રોડ નંબર-૩,
  સાંઈધામની નજીક, બોરીવલી (ઈ), મુંબઈ - ૬૬

### તેજસ્વી તારલાં

- **શ્રી દક્ષીત જયેશ ગાંધી** C.A. Final ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે.
- **કૃતી રાજેન્દ્ર કડકીઆ** Pharma Management માં Postgraduate થયા છે.
- **જીયા પ્રજેશ કડકિયા** એપ્રિલ ૨૦૧૮ ધોરણ ૮ (I.C.S.E.) માં ૮૫% માકર્સથી પાસ થયા છે.

**ઉપરોક્ત વિદ્યાર્થીઓને સંસ્થા વતી હાર્દિક અભિનંદન.**

### મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| હેમા બંકિમ પરીખ | ૫૫ |
| હેમંતભાઈ બાબુલાલ કડકીઆ | ૭૧ |
| સંકેત દિપેન્દ્રકુમાર મોદી | ૪૦ |
| દિનકરલાલ ઓચ્છવલાલ શાહ (ઈટોડીવાળા) | ૮૭ |
| મધુસુદન ચીમનલાલ દેસાઈ | ૮૨ |
| નલીનકાન્ત ચીમનલાલ દેસાઈ (સોજીત્રાવાળા) | ૮૭ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**